ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



ડો. ખ્યાતિ સતીષભાઈ પટેલ
મો. ૯૪૨૭૩ ૦૮૩૦૫



અંજલી એમ પારેખ
મો. ૯૭૩૭૪ ૫૫૯૬૩



માનસી સંજયકુમાર દરજી
મો. ૯૮૨૪૦ ૪૦૮૧૨



જાનવી દિનેશકુમાર પ્રજાપતિ
મો. ૯૮૨૪૪ ૬૬૧૨૪



વિહાન પંડ્યા

# 'સ્કૂલ બૅન્ડ' સ્પર્ધામાં કાર્મેલ સ્કૂલ ઝળકી



કલા મહાકુંભ અંતર્ગત પ્રાદેશિક કક્ષાની ગિટારવાદન અને સ્કૂલ બૅન્ડ સ્પર્ધા હિંમતનગર ખાતે યોજવામાં આવી હતી, જેમાં ગિટારવાદનમાં માઉન્ટ કાર્મેલ સ્કૂલના અર્થ મહેતાએ દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને પોતાની પસંદગી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે નિશ્ચિત કરી હતી. માઉન્ટ કાર્મેલનું સ્કૂલ બૅન્ડ પણ પ્રથમ ક્રમે વિજેતા બની રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યું હતું. સ્કૂલ પરિવારે વિજેતા વિદ્યાર્થી અને ટીમને બિરદાવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.

# રાજ્ય કલા મહાકુંભની તબલાંવાદન સ્પર્ધામાં સ્કૂલ ઑફ અચિવરના શિવમ સંઘાડીયા પ્રથમ



કલા મહાકુંભ અંતર્ગત રાજ્યકક્ષાની 'તબલાંવાદન' સ્પર્ધામાં અન્ડર-૧૦ વયજૂથમાં સ્કૂલ ઑફ અચીવર, કુડાસણના વિદ્યાર્થી શિવમ સંઘાડીયાએ પ્રથમ ક્રમનું ઈનામ હાંસલ કર્યું છે. શાળા પરિવારે શિવમને બિરદાવી તેને અભિનંદન પાઠવ્યા છે.

# વ્યાયામ શાળાની પ્રવૃત્તિઓ માટે પ્રદીપસિંહ બિહોલાનું સન્માન




ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા ગુજરાત રાજ્યમાં વ્યાયામ શાળાની પ્રવૃત્તિઓ ચલાવતી અને બંધારણીય રીતે સ્થાપિત થયેલી અખાડાની પ્રવૃત્તિઓને વેગ મળે તે માટે વ્યાયામ શાળાના સંચાલકે અસાધારણ યોગદાન આપેલ હોય તેમજ વ્યાયામ શાળાની પ્રવૃત્તિઓના પ્રચાર માટે શ્રેષ્ઠ કામગીરી કરી હોય તેવા વ્યક્તિને 'વ્યાયામ જ્યોતિર્ધર અંબુભાઈ પુરાણી ઍવોર્ડ' આપીને સન્માનિત કરવા માટે એક સમારોહનું આયોજન બુધવારે ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર સ્થિત પ્રેરણા વ્યાયામ શાળા, સૅક્ટર-૬ના સંચાલક પ્રદીપસિંહ બિહોલા છેલ્લાં ૨૨ વર્ષથી ગાંધીનગરમાં વ્યાયામ શાળાની પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક અને સેવાકીય પ્રવૃત્તિઓ, યોગાસન વર્ગો તથા રમતગમતની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ અને યુવા જગતમાં લોકપ્રિય બની રહે તે માટે સતત કાર્યરત છે. તેમના આ ઉમદા કાર્ય બદલ ગુજરાત સરકાર દ્વારા તેમને વ્યાયામ જ્યોતિર્ધર અંબુભાઈ પુરાણી ઍવોર્ડ તથા પુરસ્કાર સાંસ્કૃતિક મંત્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીના વરદ હસ્તે આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ પી કે પટેલ, કમિશનર અને વહીવટી અધિકારી અશોકભાઈ રાવલ, રમત જગતના અગ્રણીઓ, નગરના સામાજિક આગેવાનો અને ખેલપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઈન્ડો આર્ટ્સ થિયટર દ્વારા 'પ્રેમ પારાયણ' નાટક ભજવાયું

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત રાજ્ય રમતગમત અને સાંસ્કૃતિક વિભાગ અને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી પ્રસ્તુત ઈન્ડો આર્ટ્સ થિયેટરનું પારિવારિક કોમેડી નાટક 'પ્રેમ પારાયણ' રવિવારે ડૉ. આંબેડકર ભવન, ગાંધીનગર ખાતે ભજવાયું હતું.

વી. કુમાર સ્વામી લિખિત અને વસંત પરમાર દિગ્દર્શિત આ નાટકમાં ભારતી ખંડાગલે, રુહીન ઘોરી, વિજય દેસાઈ, નીરવ પરમાર, મલ્હાર દવે અને વસંત પરમારે અભિનયનાં અજવાળાં પાથર્યાં હતાં. સંગીત સંકલન-સંચાલન જય મહેતા, સંનિવેશ જયેશભાઈ હવેલીવાળા, પ્રૉડક્શન ઈન-ચાર્જ મીત સોની અને પ્રકાશ આયોજન હિમાંશુ ભચેચ દ્વારા કરવામાં આવ્યું હતું.

અતિથિ વિશેષપદે ઉપસ્થિત ગોવિંદભાઈ દરજી, નિરૂબેન ગોવિંદભાઈ, મનુભાઈ દરજી, કપીલાબેન દરજીના હસ્તે દીપ પ્રાગટ્યથી નાટ્યપ્રયોગનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

# જિલ્લા ખેલ મહાકુંભ કબડ્ડી સ્પર્ધામાં ઍમ બી પટેલ ગર્લ્સ સ્કૂલ વિજયી



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલે ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં પ્રથમ વિજેતાક્રમ મેળવીને પોતાની પસંદગી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે નિશ્ચિત કરી હતી. વ્યાયામ શિક્ષક દક્ષાબેન પટેલે આ વિજેતા ટીમને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આચાર્ય નીરૂબેન પટેલે શાળા પરિવાર વતી વિજેતા ટીમને બિરદાવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**




(૧) ઉચ્ચ શિક્ષણમાં કૌશલ વિકાસ કાર્યક્રમ દાખલ કરનાર પ્રથમ રાજ્ય કયું છે ?
(એ) ગુજરાત
(બી) પંજાબ
(સી) હરિયાણા
(ડી) રાજસ્થાન

(૨) તાજેતરમાં અમેરિકાની કઈ યુનિવર્સિટીમાં ફાયરિંગની ઘટના બનતાં એક પોલીસ અધિકારીનું મોત થયું હતું ?
(એ) યેલ યુનિવર્સિટી (બી) શિકાગો યુનિવર્સિટી
(સી) ન્યૂયોર્ક યુનિવર્સિટી (ડી) ટેકસાસ યુનિવર્સિટી

(૩) ડિજીટલ ઈન્ડિયા અંતર્ગત હાલમાં ભારતીય ટપાલ વિભાગે કઈ સેવાનો પ્રારંભ કર્યો છે ?
(એ) ઈ આઈપીઓ (બી) ઈ ટપાલ
(સી) ઈ મનીબેગ (ડી) ઈ એકાઉન્ટ

(૪) પેપ્સિકો ઈન્ડિયાના ચેરમેનનું નામ શું છે જેમણે તાજેતરમાં જ રાજીનામું આપ્યું છે ?
(એ) ડી વાય પ્રજાપતિ (બી) ડી શિવકુમાર
(સી) આર કેશવકુમાર (ડી) એમ મણિરત્નમ

(૫) ગુજરાતમાં પેટ્રોલ અને ડિઝલ પર કેટલા ટકા વેટનો ઘટાડો કરવામાં આવ્યો છે ?
(એ) ૧ ટકા (બી) ૩ ટકા
(સી) ૪ ટકા (ડી) ૫ ટકા

(૬) ફૂટબૉલની રમતને પ્રોત્સાહન આપવા કયા રાજ્યની સરકારે પ્રદેશમાં ૧ હજાર ફૂટબૉલ ક્લબ ખોલવાની જાહેરાત કરી છે ?
(એ) ગુજરાત (બી) કેરલ
(સી) રાજસ્થાન (ડી) હરિયાણા

(૭) રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે તાજેતરમાં ભારતીય જળ સપ્તાહનું ઉદ્‌ઘાટન કયા સ્થળેથી કર્યું છે ?
(એ) શિકાગો (બી) નવી દિલ્હી
(સી) બીજિંગ (ડી) જયપુર

(૮) ડુરંડસ કર્સ-અ લાઈન અક્રોસ ધ પઠાણ હાર્ટ પુસ્તકના લેખક કોણ છે ?
(એ) મેઘનાથ સહા (બી) મેઘનાથ દેસાઈ
(સી) ખુશવંત સિંહ (ડી) રાજીવ ડોગરા

(૯) તાજેતરમાં આયોજિત બેટી બચાવો, બેટી પઢાવો સપ્તાહ અંતર્ગત કયું કથન સત્ય છે ?
(એ) આ સપ્તાહ ૧૦થી ૧૪ ઑક્ટોબર દરમિયાન યોજાશે
(બી) રાષ્ટ્રપતિ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન દિલ્હીથી કરશે
(સી) માનવ વિકાસ મંત્રાલય દ્વારા આયોજન કરાયું છે
(ડી) બેટી બચાવો ટ્રેન આખા દેશમાં ફરશે

(૧૦) તાજેતરમાં વર્લ્ડ મેન્ટલ હેલ્થ ડે કઈ તારીખે ઉજવવામાં આવ્યો હતો ?
(એ) ૯ ઓક્ટોબર (બી) ૧૦ ઓક્ટોબર
(સી) ૧૧ ઓક્ટોબર (ડી) ૧૨ ઓક્ટોબર

# માનસિક વિશિષ્ટ બાળકોએ બનાવેલા 'દિવડા' તેમના માટે 'ઉજાસ' બનશે







## હેત ફાઉન્ડેશનના વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરમાં નિઃશુલ્ક તાલીમ મેળવી પાંચ માસની મહેનતથી બનાવાયેલા દિવડાં સહિતની ચીજવસ્તુઓનું બાળકો જાતે વેચાણ કરશે

ગાંધીનગર, તા. ૧૧

અંધકારને દૂર કરી ઉજાસ રેલાવતુ પર્વ દિપાવલી આવી પહોંચ્યું છે. દિવાળી માત્ર ઘરના આંગણામાં જ નહી પરંતુ સૌ કોઈના સામાજિક તથા વ્યવસાયિક જીવનમાં પણ ઉજાસ રેલાવવાનું કાર્ય કરે છે. શહેરના સેક્ટર-૭-સીમાં કાર્યરત હેત ફાઉન્ડેશન દ્વારા માનસિક વિશિષ્ટ બાળકોને આપવામાં આવતી નિઃશુલ્ક વોકેશનલ તાલીમને કારણે દિવાળીના પર્વે તેમના જીવનમાં ઉજાસ ફેલાય તેવુ કાર્ય આ બાળકોએ કર્યુ છે. હવે, જરૂર છે તો માત્ર નગરજનોના સાનુકૂળ પ્રતિસાદની.

ગાંધીનગરના સેક્ટર-૭-સીમાં દાંતના ડૉક્ટર ડૉ. અંકુર પરમારના દવાખાનાની બાજુમાં પ્લોટ નં. ૯૭૭/૨ ખાતે બપોરના ૧૨ થી ૪ દરમ્યાન કાર્યરત હેત ફાઉન્ડએશનના વોકેશનલ તાલીમ સેન્ટર ખાતે છેલ્લા પાંચ માસથી માનસિક વિશિષ્ટ બાળકોને દિવાળીમાં ઉપયોગી થાય તેવી ચીજવસ્તુઓ જેવી કે દિવડાં અને ડેકોરેટિવ આઈટમ્સ વગેરે બનાવવાની તાલીમ અપાઈ રહી હતી. આ તાલીમના પગલે બાળકોમાં આત્મ વિશ્વાસમાં વધારો થવા સાથે તેમની માનસિક સ્થિતિમાં પણ સુધારો આવે છે. જેના પગલે આ બાળકો ધીમે ધીમે જીવનમાં સ્થાયી થઈ વ્યવસાયિક કાર્યો પણ કરી શકે છે. તેમજ તેમનું જોસ પ્લેસમેન્ટ પણ શક્ય બને છે. છેલ્લાં દોઢ વર્ષથી કાર્યરત આ ટ્રેનિંગ સેન્ટર પર માનસિક વિશિષ્ટ બાળકોને તદ્દન નિઃશુલ્ક તાલીમ આપવામાં આવે છે.

આ બાળકો દ્વારા તૈયાર થયેલ ચીજવસ્તુઓ તાજેતરના સે. ૨૧ ખાતે યોજાયેલ એક ક્રાફ્ટ મેળામાં નાગરિકો દ્વારા પસંદ કરવામાં આવી હતી. હવે આગામી તા. ૧૩મી ઓક્ટોબરથી દિવાળી સુધી સેક્ટર-૬ના મેદાનમાં એસપી ઈવેન્ટ દ્વારા યોજાનાર આર્ટ એન્ડ ક્રાફ્ટ ફેસ્ટીવલ-૨૦૧૭માં પણ હેત ફાઉન્ડેશનના સ્ટોલ પરથી વેચાણ કરાશે. વળી, આ બાળકોને સ્ટોલ્સ પર વેચાણ કાર્યની પણ તાલીમ આપવામાં આવશે. આ સાથે સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ વર્ગની મહિલાઓને પણ નજીવાદરે સીવણની તાલીમ આપવામાં આવે છે.

### સે. ૬માં આર્ટ-ક્રાફ્ટ મેળામાં વિતરણ કરાશે

સે. ૬માં યોજાનાર આર્ટ એન્ડ ક્રાફ્ટ ફેસ્ટિવલમાં હેત ફાઉન્ડેશનના માનસિક વિશિષ્ટ બાળકો દ્વારા બનાવેલા ડેકોરેટિવ દિવડાં જેવા કે પંચ દિવડી, હેંગિગ દિવા, તુલસી દિવો, ફાનસ, મટકી દિવા વગેરે ઉપરાંત એક્રેલિકની રંગોળી, રંગોળીના કલર્સ તથા અન્ય ડેકોરેટિવ ચીજવસ્તુઓનું વિતરણ કરાશે. મોટાભાગની આ તમામ આઈટમો માટીની બનાવવામાં આવી છે.